સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

તા. ૨૫-૫-૨૦૧૭, ગુરૂવાર ૨૦૭૩
વૈશાખ વદ-૦)) વર્ષ : ૩૧ અંક: ૨૨૫
પાના ૧૨ કિંમત રૂા. ૩.૦૦ (બહાર ગામ)

સ્થાપક:- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN
RAJKOT/266/2015-2017 PST: RMS-RJT

R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-RAJKOT

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫

ગુડ ઈવનિંગ

જીભ પરની ઈજા સૌથી પહેલા રૂઝાય પરંતુ જીભથી થયેલી ઈજા કદી રૂઝાતી નથી.

૧૦ વર્ષનો આ છોકરો ૧૯૦ કિલોનો કેમ થયો

કોલા અને નૂડલ્સનું વ્યસન આ માટે જવાબદાર

વધુપડતાં નૂડલ્સ અને સોફ્ટ ડ્રિન્કસ સ્વાસ્થ્ય માટે સારાં નથી જ. હવે એનું પ્રત્યક્ષ ઉદાહરણ જોઈ લો. ઈન્ડોનેશિયામાં આર્ય સોમાન્ત્રી નામનો એક છોકરો રહે છે. અત્યારે તે માત્ર દસ જ વર્ષનો છે, પણ તેનું વજન વધીને ખાસ્સું ૧૯૦.૫ કિલોગ્રામ થઈ ગયું છે. તેનું શરીર પણ ફૂલીને સુમો પહેલવાન જેવું દેખાવા માંડ્યું છે. તેના માતાપિતાનું કહેવું છે કે તેમનો દીકરો આખો વખત ભૂખ્યો હોવાની જ બુમરાણ મચાવતો હતો. એટલે તેમણે નછૂટકે રાઈસ, નૂડલ્સ, માંસ, સોફ્ટ ડ્રિન્કસ વગેરે આપવાનું શરૂ કર્યું. દિવસમાં તે એટ લીસ્ટ પાંચ વખત જમતો હતો. પુખ્ત વયની બે વ્યકિતઓ એક દિવસમાં જેટલો ખોરાક લે એટલું આ આર્ય એકલો જ જમી જતો હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

અમરેલી નજીકથી રૂા.૫૦૦ અને ૨૦૦૦ના દરની રૂા.૧.૧૧ કરોડની જાલી નોટ ઝડપાઈ: મોટા કૌભાંડનો ધડાકો

સાવરકુંડલા બાદ વરસડા રોડ પરથી ૮૫૩૪ નોટ કબ્જે: સ્કુટીમાં જતા બે શખ્સોને બાતમીના આધારે ઉપાડી લેતી પોલીસ

(ભિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી તા.૨૫

અમરેલી જિલ્લામાં નકલી ભારતીય ચલણી નોટ ઘુસાડવા માટેનું મોકળું મેદાન હોય તેમ હજુ થોડા દિવસ પહેલા સાવરકુંડલા ખાતેથી નકલી નોટ ઝડપાયા બાદ આજે વહેલી સવારે અમરેલીના વરસડા રોડ ઉપરથી ભારતિય ચલણની નવી રૂા.૫૦૦ના તથા રૂા.૨ હજારનાં દરની રૂા.૧,૧૧,૯૫,૦૦૦ની નોટ ઝડપાતા અમરેલી જિલ્લામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ બનાવની જાણ થતા અનેક બેન્કના અધિકારીઓ પણ પોતાની બેન્કનાં ચલણોમાં નકલી નોટ કોઈ ઘુસાડી ન જાય તે માટે થઈ સાવચેત થઈ ગયા છે.

આ બનાવ બાદ હજુ વધુ કડાકા-ભડાકા થવાની સંભાવના હોય, પોલીસે ગુપ્તપણે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી જિલ્લા પોલીસવડા જગદીશ પટેલને મળેલ બાતમીના આધારે અમરેલી લોકલ ક્રાઈમ બ્રાંચને વાહન ચેકીંગ કરવા સુચના આપતા એલસીબી પી.આઈ. એ.પી. પટેલ તથા સ્ટાફ અમરેલી નજીક આવેલ લાતી રોડ ઉપર બાલાવાવ હનુમાનજી મંદિર પાસે ગઈકાલે મોડી રાત્રીના સમયે વાહન ચેકીંગ કરી રહ્યો હતો. ત્યારે એક નંબર વગરના સ્કૂટીમાં આગળનાં ભાગે થેલામાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

નવી ચલણી નોટોનું જથ્થાબંધ પ્રિન્ટીંગ કયા?

ચોમાસુ ઝડપી: ૧ જૂન પુર્વે જ કેરાળામાં એન્ટ્રી

હવામાન વિભાગની આગાહી: પેસીફીક સમુદ્રમાં તાપમાન છે પણ અલ-નીનો માટે સાનુકુળ નથી

નવી દિલ્હી: આગામી બે દિવસ ગુજરાતમાં હીટવેવની આગાહી છે પણ બીજી તરફ નૈરૂત્યનું ચોમાસું તેના નિશ્ચીત શેડયુલ કરતા વહેલું આગળ વધી રહ્યું છે અને ચોમાસાના પ્રવેશદ્વાર જેવા કેરાળામાં તા.૨૯ કે તે પુર્વે જ ચોમાસુ હીટ કરે તેવી ધારણા છે. ભારતીય હવામાન વિભાગ

હવામાન વિભાગ હવે દર ૧૨ કી.મી.ની વરસાદી આગાહી કરશે

નવી દિલ્હી: હવામાન વિભાગ હાલ વેધર-ઝોન મુજબ ચોમાસા સહિતના હવામાનની આગાહી કરે છે પણ આગામી સમયમાં છેક તાલુકા કક્ષા સુધીના હવામાનની આગાહી શકય બનશે. હવામાન વિભાગે ૧૨ બાય ૧૨ કી.મી.ના એરીયામાં હવામાનની આગાહી થઈ શકે તેવું મોડેલ તૈયાર કર્યુ છે અને પ્રથમ આ પ્રકારના ૧૦૦ બ્લોકમાં ચોમાસાની આગાહી કરશે. હવામાન વિભાગે આ માટે દેશના કુલ ૬૫૦૦ બ્લોક તૈયાર કર્યા છે. હવામાન વિભાગ તેના જ ખુદના બ્લોકના ડેટા મેળવશે. આ તમામ વચ્ચે સંકલન કરવા ૧૫ પેટાફલોપ કાય સુપર કોમ્પ્યુટરનો ઓર્ડર આપ્યો છે. જે નોઈડા ખાતે હવામાન વિભાગે એક ખાસ મીડીયમ રેન્જ વેધર ફોરકાસ્ટ સેન્ટર તૈયાર કર્યુ છે ઉપરાંત પુનાના હવામાન વિભાગને પણ આ પ્રકારના સુપર કોમ્પ્યુટર ફાળવાશે. જે દિવસોમાં બે વખત દેશભરના ડેટાનું વિશ્લેષણ કરશે. હવામાન વિભાગ આગામી ત્રણ વર્ષમાં દેશભરમાં બ્લોક લેવલની આગાહી કરવાની યોજના બનાવી શકે છે. જેનાથી ખેડુતોને ખાસ કરીને કૃષી સીઝનમાં ફાયદો થશે.

અને ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ બન્ને દ્વારા આ આગાહી કરવામાં આવી છે. મધ્ય અને પશ્ચીમ ગુજરાતના અનેક ક્ષેત્રમાં હીટવેવની સ્થિતિ બની રહેશે પણ કેરાળા-કર્ણાટકમાં પ્રી-મોનસુન વરસાદ પડશે. ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટની આગાહી મુજબ જમ્મુ-કાશ્મીરના પુર્વ ભાગમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની સ્થિતિ બની છે. જેના કારણે કાશ્મીર-હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદની સ્થિતિ બની શકે છે. સાથોસાથ પાકિસ્તા

(અનુસંધાન છઠ્ઠા પાને)

જમીન પર ઉડતા એરોપ્લેન તેજસને પ્રથમ ગ્રાસે મક્ષિકા: મુસાફરો હેડફોન ઘરે લઈ ગયા

મુંબઈ તા.૨૫

સોમવારે મુંબઈ-ગોવા તેજસ સુપરફાસ્ટ એક્સપ્રેસ રંગેચંગે શરૂ થઈ હતી, પણ રેલવેપ્રધાન સુરેશ પ્રભુ દુખી થયા હોય તે સમજી શકાય એવું છે. પ્રભુ કદાચ જાણતા નથી અને રેલવે અધિકારીએ દેખીતી રીતે નિરાશ થયા એ પાછળનું કારણ પ્રથમ મુસાફરીમાં જ ટ્રેનમાંથી ફટાફટ હેડફોનની ચોરી છે, હેડફોનની ચોરીની અસર એટલી ગાઢ હતી કે બુધવારે ગોવાથી મુંબઈની વળતી મુસાફરીમાં કેટલાક મુસાફરોએ તેમને હેડફોન નહીં અપાયાની ફરિયાદ કરી હતી.

મુંબઈ-ગોવા વચ્ચે વૈભવી ટ્રેનની પહેલી એપમાં જ 'ભારતીયતા'ના દર્શન

કેન્દ્રીય રેલવેના ઉચ્ચાધિકારીઓએ તેજસને ભૂમિ પર દોડતું એરોપ્લેન ગણાવ્યું હતું. એને લીલીઝંડી અપાઈ ત્યારે સીટ સાથે એટેચ્ડ એલઈડી સ્ક્રીન્સ, વાઈફાઈ, સીસીટીવી કેમેરા, ટીકોફી, વેન્ડીંગ મશીનની સુવિધા હોવાની વાત જોરશોરથી કહેવામાં આવી હતી. ૨૦૦ કી.મી.ની ઝડપે દોડવાની ક્ષમતા ધરાવતી આ ટ્રેન મુંબઈ-ગોવાનું ૫૨૨ કીમીનું અંતર નવ કલાકમાં કાપે છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

ન્યુઝ ફ્લેશ

કોંગ્રેસ પાસે 'ફેસ' કે નથી 'ખેસ': વિજય રૂપાણી

માફીયાડોન દાઉદની પત્નીની ભત્રીજીનો નાસિકમાં લગ્ન જલ્સો હતો

દાઉદના સગાના લગ્નમાં પ્રધાન-ધારાસભ્યોની હાજરી: વિવાદ

મહારાષ્ટ્રના તબીબી શિક્ષણપ્રધાન ઉપરાંત ત્રણ ધારાસભ્યો અને મેયર-ડેપ્યુટી મેયરની ઉપસ્થિતિ: ૧૦ પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યા

રીપોર્ટ મંગાવતા મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ફડણવીસ; પોલીસ કમીશ્નરે તપાસના આદેશ જારી કર્યા: અધિકારીઓના ખુલાસા પૂછાયા

મુંબઈ તા.૨૫

અંધારી આલમના માફીયાડોન દાઉદ ઈબ્રાહીમના એક સંબંધીના લગ્ન સમારોહમાં મહારાષ્ટ્રના તબીબી શિક્ષણ પ્રધાન ગીરીશ મહાજન અને દસ પોલીસ અધિકારીઓ સામેલ થતા જબરો વિવાદ ઉભો થયો છે. ગત ૧૯મી મેના રોજ નાસિકમાં યોજાયેલા લગ્નમાં તેઓ હાજરી આપી હતી.

મહારાષ્ટ્રના તબીબી શિક્ષણપ્રધાન ગીરીશ મહાજન મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અત્યંત વિશ્વાસુ ગણાય છે. તેમની સાથે ભાજપના ધારાસભ્યો દેવયાની ફનાડે, બાલાસાહેબ સનપ અને સીમા હીરે ઉપરંત નાસિકના મેયર રંજના ભણસી અને ડેપ્યુટી મેયર પ્રથમેસ ગીતે પણ હતા. આ સિવાય અનેક કોર્પોરેટરો પણ હાજર હતા.

દસ પોલીસ અધિકારીઓમાં આસીસ્ટંટ પોલીસ કમિશ્નર તથા અન્ય નવ ઈન્સ્પેકટર દરજ્જાના અધિકારીઓ હતા.

માફીયા ડોન દાઉદ ઈબ્રાહીમના સંબંધીના લગ્નમાં પોલીસ અધિકારીઓની હાજરી વિશે પોલીસ કમિશ્નર દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા છે. આ તમામના નિવેદન મેળવવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસે પોલીસ કમિશ્નર રવિન્દ્ર સિંઘલ પાસેથી વિસ્તૃત રીપોર્ટ માંગ્યો છે. પોલીસ કમિશ્નર સિંઘલે સ્વીકાર્યું કે જેના લગ્ન હતા તે દુલ્હન દાઉદની પત્નીની ભત્રીજી હતી. દાઉદની પત્ની અને દુલ્હનની માતા બન્ને સગી બહેનો હોવાની માહિતી છે.

તબીબી શિક્ષણપ્રધાન ગીરીશ મહાજને આ લગ્નમાં હાજરી આપી હોવાનું સ્વીકાર્યું હતું. પરંતુ દુલ્હનનો પરિવાર દાઉદ ઈબ્રાહીમનો સગો હોવા વિશે જાણ ન હતી. દુલ્હો સ્થાનિક મુસ્લીમ નેતા સહાર ખાતીબનો ભત્રીજો છે. મુસ્લીમ સમુદાયમાં તે આદરણીય સ્થાન ધરાવે છે અને તેના આમંત્રણથી પોતે લગ્નમાં સામેલ થયા હતા. નાસિક પંથકમાં તબીબી શિક્ષણ મંત્રાલય દ્વારા ચલાવાતી સામાજીક પ્રવૃતિઓમાં ખાતીબનો સિંહફાળો હોય છે. મેડીકલ કેમ્પો યોજવાથી માંડીને અનેક પ્રવૃતિઓમાં સામેલ થાય છે. તેઓએ એવો દાવો કર્યો કે લગ્નના બીજા દિવસે દુલ્હનનો પરિવાર દાઉદનો સગો હોવાનું જાણમાં આવ્યું હતું. પોતે નાસિકના પ્રભારી છે. સંખ્યાબંધ આમંત્રણો મળતા હોય છે એટલે દરેકમાં ચકાસણી મુશ્કેલ છે. લગ્નને લાગેવળગે છે ત્યાં સુધી પોતે ખાતીબને વ્યક્તિગત રીતે ઓળખે છે. પોતાની સાથે પાર્ટીના ધારાસભ્યો અને મેયર-ડેપ્યુટી મેયર પણ હતા. પોલીસ કમિશ્નર સિંઘલે કહ્યું કે દુલ્હન પરિવારનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. કોઈ કેસ કરાયો નથી. પોલીસની હાજરી વિશે ઈન્કવાયરીનો આદેશ કરવામાં આવ્યો છે. કોણે આમંત્રણ આપ્યુ હતું, લગ્નમાં હાજરીનો હેતુ તથા દુલ્હન દાઉદની સગી હોવાનું જાણમાં હતું કે કેમ તે વિશે પૂછવામાં આવ્યું છે.

શોપિયાં અને શ્રીનગરમાં આતંકી હૂમલા: પીડીપી નેતાને ગોળી ધરબી

છઠ્ઠીવાર 'લશ્કર'નો આતંકી સુરક્ષા દળોનાં હાથમાં ન આવ્યો!

શ્રીનગર તા.૨૫

ઉગ્રવાદીઓથી અશાંત કાશ્મીરના શ્રીનગર અને શોપિયાંમાં ગઈકાલે બે ત્રણ આતંકી વારદાતો નોંધાઈ હતી. ઈમામ સાહેબ વિસ્તારમાં આવેલા એસઓજી શિબર પર આતંકીઓએ સાંજે સાડા ચાર વાગ્યા આસપાસ ગ્રેનેડ વડે હૂમલો કર્યો હતો. ગ્રેનેડ શિબિર ઉપરાંત નજીકની સડક પર પડયો અને જોરદાર ધમાકા સાથે ફાટ્યો હતો અને ત્યાંથી પસાર થઈ રહેલા ૪ લોકો ઘવાયા હતા. જવાનોએ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડયા હતા.

બીજી તરફ સખત સુરક્ષાવાળા શ્રીનગરનાં જૂના બરજૂલ્લા વિસ્તારમાં રાત્રે લગભગ સાડા આઠ વાગ્યે પીડીપીના બ્લોક-પ્રધાન અબ્દુલ્લ કયૂમ તૈલી તેના ઘરે આવી રહ્યા હતા ત્યારે અગાઉથી છૂપાયેલા બેથી ત્રણ આતંકીએ બિલકૂલ નજીકથી તેમના પર પિસ્તોલથી ચાર ગોળી ધરબી દીધી હતી. એક ગોળી નિશાન ચૂકી ગઈ જ્યારે ત્રણ તેના પેટમાં લાગી હતી. લોહીથી લથબથ પીડીપી નેતા જમીન પર ઢળી પડ્યા હતા અને આતંકીઓ ફરાર થઈ ગયા હતા. હોસ્પિટલમાં ખસેડાયેલા પીડીપી નેતાની હાલત અત્યંત નાજૂક દર્શાવાય રહી છે.

અન્ય એક ચોંકાવનારા ઘટનાક્રમમાં સૈન્ય જવાનોની પારાવાર જહેમત છતાં સ્થાનિય લોકો દ્વારા થતી પથ્થરબાજીની આડશમાં લશ્કરના ચીફ કમાન્ડર અબૂ દુજાના ફરી એકવાર છટકી જવામાં સફળ રહ્યો હતો! આ સાથે અબૂ દુજાના છઠ્ઠીવાર ફરાર થયો હતો.

કાશ્મીરમાં લશ્કરની તમામ આતંકી ગતિવિધિને અબૂ દુજાના અંજામ આપે

(અનુસંધાન છઠ્ઠા પાને)

નાના પાટેકરનો ડાયલોગ યાદ આવે છે પણ કહી શકાતો નથી!

મચ્છર મારવા એ પણ દેશભક્તિ છે: શંકર ચૌધરી

મચ્છરો આંતકવાદી છે.ડ્રોનનો ઉપયોગ કરી તેને ખતમ કરવા જોઈએ

અમદાવાદ તા.૨૫

રાજયના આરોગ્ય મંત્રી શંકરસિંહ ચૌધરીની સલાહ છે કે મચ્છરોના મુકાબલો કરવા ડ્રોનનો ઉપયોગ કરવો જોઈએ. ગઈકાલે અમદાવાદમાં આયોજીત મેલેરીયા મુકત-અમદાવાદ કાર્યક્રમમાં બોલતાં મંત્રી ચૌધરીએ મજાક કરતાં કહ્યું કે ' જયારે મને કોઈ મચ્છરની વાત કરે ત્યારે મને બોલિવુડ અભિનેતા નાના પાટેકરનો મચ્છર



પરનો એક ડાયલોગ યાદ આવે છે પરંતુ હું તે કહેવાનું ટાળું છું! તેમણે આગળ બોલતાં કહ્યું કે મચ્છર પણ આંતકવાદીઓ જેવા જ છે અને તેની સામે લડવું કે તેને મારવા એ પણ દેશભક્તિ જ છે!

શંકર ચૌધરીનાં આવા 'રસપ્રદ' નિવેદન બાદ શ્રોતાઓએ તાળિઓની બોછાર વરસાવી હતી. ખુબ ખિલેલા મંત્રીએ વધુમાં કહ્યું કે મચ્છર આંતકવાદી હોય છે. એ સાયલન્ટ કીલર છે પરંતુ આપણે તેને ગંભીરતાથી લેતા નથી. જયારે આંતકવાદી હુમલામા લોકો મરે ત્યારે આપણે કેન્ડલ માર્ચ કાઢીએ છીએ પરંતુ

(અનુસંધાન છઠ્ઠા પાને)

શો-રૂમ તથા ઓફીસો વેચવાની છે
ગ્લોબલ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ગોંડલ રોડ ચોકડી, રાજકોટ. (લોનેબલ)
મો. 99791 62819

ફકત 3 લાખમાં
સરળ હપ્તેથી કસમાં પ્લોટ વેચવાના છે
૧૫૦ અને ૩૦૦ ફુટ રીંગ રોડની આજુબાજુમાં, ન્યુ રેસકોર્ષ, કાલાવડ રોડ
83470 51111
70460 71111